# શ્રી શત્રુંજય - મુકિત સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી શત્રુંજય-મુક્તિ
सा विद्या या विमुक्तये
સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

## તૃતીય વર્ષ અભ્યાસક્રમ-૧

જુન ૨૦23

ગુણાંક ૧૦૦

## પ્રશ્ન પત્ર

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં આભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

૨૦

**પ્રશ્ન -૧ ખાલી જગ્યા પુરો**

૧) સાધુ ............................ ના જીવો ને અભયદાન આપવા સદૈવ તૈયાર હોય છે.
૨) જીવ જ્યારે ......................... માં આવે છે ત્યારે તે જીવ વ્યક્ત મિથ્યાત્વ ને પ્રાપ્ત કરે છે.
૩) જૈન સાધુ ............................ આવે તો પણ અસત્ય વચન બોલે નહીં.
૪) ભવ્ય જીવો ને ......................... નો બોધ કરાવી ને મોક્ષ ની અભિલાષા જાગૃત કરવી.
૫) આહાર ની અસર સાધુ ની સાધના અને ............................ ઉપર પડે છે.
૬) પ્રભવ ઋણભદત્ત ના મહેલ માં પ્રવેશ કરી ત્યાં ............................ વિદ્યા અજમાવે છે.
૭) ઉન્માર્ગ માં માર્ગબુદ્ધિ ને ............................ નીવૃતિ માં મિથ્યાત્વ કહેવા માં આવ્યુ છે.
૮) જેમનુ ............................ વિનાશ પામ્યુ છે એવા લોકો તમારી આરાધના થી શોભા વૃદ્ધિ પામેલા છે.
૯) સાધુ શ્રાવક બન્ને ના જીવન માં દોષો નું સેવન ન થઈ જાય માટે ............................ જાગૃત રહેવાની જરૂર છે.
૧૦) આજ ના સમય માં ............................ ના એક બિંદુ જેટલું પણ જ્ઞાન પામવું કઠીન છે.
૧૧) પ્રત્યેક મુમુક્ષુ ના સંયમજીવન નો આધાર સ્તંભ ............................ છે.
૧૨) મોક્ષગમન જંબુસ્વામી ના ............................ સાથે વિચ્છેદ પામ્યુ.
૧૩) વસ્તુ ના રમ્ય, અરમ્ય પણા ને ............................ વ્યક્તિ જાણતો નથી.
૧૪) જંબુકુમાર જીવન ની ............................ વિચારતા પાછા ફર્યા.
૧૫) દંડક ની ગણત્રી માં ............................ ના ત્રણ દંડક છે.
૧૬) શ્રાવકો ગરમ પાણી પીવા માંડે તો સાધુ નો અનાયાસ ............................ મળતો રહે.
૧૭) ગ્રંથિભેદ થી ............................ સમ્યક્ત્વ ની પ્રાપ્તિ થાય છે.
૧૮) શય્યંભવ સૂરિ ની આંખ માંથી ............................ કાળધર્મ થી આંસુસરી પડયાં.
૧૯) તમારા નામ ના અક્ષર ના પ્રગટ ............................ થી મોટા થયેલ પુરુષો ઉગ્ર સર્પ ને એક કીડા જેવા માને છે.
૨૦) જેનો અર્ધપુદ્ગલ પરાવર્તન સંસાર બાકી છે એવા ભવ્ય જીવ ને જ ............................ ગુણસ્થાનક હોય છે.

૧૫

**પ્રશ્ન-૨ એક જ શબ્દમાં જવાબ આપો.**

૧) જીવન ના વિકાસ માં કોનું અદ્ભુત યોગદાન છે ?
૨) સંયમ લઈ ને શય્યંભવમુનિ એ શેની ધુણી ધખાવી ?
૩) સાધુ ઘેર ઘેર આહાર માટે શેના ઉપયોગ પૂર્વક જાય ?
૪) અંતરમુહૂર્ત ની સ્થિતિ કયા સમ્યક્ત્વ ની છે ?
૫) આત્મા શેમાં રહેવાના સ્વભાવવાળો છે ?
૬) અલ્પ આયુષ્ય માં પણ મનક મુનિ ને કોની સેવા મળી ?
૭) કોના મુગટ, મણિ ના કિરણોં થી રંગાયેલા છે ?
૮) ભવ્ય જીવો ને આશ્રયી ને મિથ્યાત્વ ની સ્થિતિ કેટલી છે ?
૯) ચાર પ્રકરણ માં બીજો પ્રકરણ કયો છે ?
૧૦) પ્રભવ કઈ વિદ્યા થી સહજતા થી તાળા ખોલી નાખતા ?
૧૧) મધુકર શું ગ્રહી ને આતમા ને સંતોષ છે ?
૧૨) મિથ્યાત્વ થી મોહિત થયેલા જીવો શું નથીં જાણતા ?
૧૩) દંડક ના ચોવીસ દ્વાર માં બે ભેદે કયો દ્વાર છે ?
૧૪) સામાન્ય કેવલી માં જિનેશ્વર કોના સમાન છે ?
૧૫) પ્રભવસ્વામી એ પોતા ના જ્ઞાન માં શય્યંભવભટ્ટ ને કેવો યજ્ઞ કરતા જોયો ?

૧૦

**પ્રશ્ન- ૩ નીચે આપેલા શબ્દોના અર્થ લખો.**

૧) પએહિં ૨) સંસઇઅ ૩) કિલામેઈ ૪) ખણેણ ૫) સેય ૬) મયોગાખ્યં ૭) ગબ્ભય ૮) સદ્દુલ
૯) રંજિઅં ૧૦) દુ ૧૧) અદેવા ૧૨) મધ ૧૩) વણે ૧૪) લાયન્ના ૧૫) નાહ ૧૬) ભો ૧૭) વવાય
૧૮) ષટ્કં ૧૯) વેઓ ૨૦) ખર

**પ્રશ્ન-૪ જોડક જોડો ( ફક્ત બી ) નું નંબર લખો.** ૧૦

| એ | બી | એ | બી |
|---|---|---|---|
| ૧) ઉપશમ | ૧) શ્રુતકેવલી | ૬) વનચર | ૬) દૃષ્ટિ |
| ૨) દર્શન | ૨) ઉપશમ શ્રેણી | ૭) દયા | ૭) વૈરાગ્ય |
| ૩) અંજલી | ૩) વિહ્વળ | ૮) દશવૈકાલિક સૂત્ર | ૮) અતંરકરણ |
| ૪) દેશના | ૪) આરાધના | ૯) ક્ષપક શ્રેણી | ૯) મધુકર |
| ૫) ભ્રમર | ૫) પથ દર્શનક | ૧૦) શ્રુતધર | ૧૦) આત્મકલ્યાણ |

**પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧) જંબુકુમાર ની પત્નિઓ ને દાયજા માં કેટલી સંપત્તિ મળી હતી ?
૨) ભવ્ય જીવ ને સિદ્ધિરૂપી મહેલ માં ચઢવા માટે કેટલી શ્રેણી કહી છે ?
૩) દંડક ના મંગલાચરણ માં કેટલા જિનેશ્વરો ને નમસ્કાર કરવા માં આવ્યુ છે ?
૪) પ્રભવસ્વામી એ પોતા ના પટ્ટધર ની શોધ કેટલા વરસ ની ઉમર માં કરી ?
૫) સાસ્વાદન ગુણ સ્થાનકે કેટલી કર્મ પ્રકૃતિ ની ઉદીરણા હોય છે ?
૬) નમિઉણ સ્તવ માં પ્રગટ સિદ્ધમંત્ર નો ઉલેખ કઈ ગાથા માં છે ?
૭) પૃથ્વીકાયાદિ સ્થાવર ના દંડક કેટલા છે ?
૮) જંબુકુમાર કેટલા વર્ષ કુમારાવસ્થા માં રહયા ?
૯) વિ.સ.પૂર્વે કેટલામે વર્ષે શય્યંભવમુનિ ને આચાર્ય પદવી પ્રાપ્ત થઈ ?
૧૦) ઠાણાંગ સૂત્ર માં વ્યક્ત મિથ્યાત્વ ના કેટલા પ્રકાર કહયા છે ?

**પ્રશ્ન-૬ નીચેના વાકયો સાચા (✓) છે કે ખોટા (×) તે જણાંવો.** ૧૦

૧) પ્રભુ ના શાસન માં આત્મ સમાધિ ને મુખ્ય રાખવા માં આવી છે.
૨) ભવ્ય જીવો ને દંડક નુ વિસ્તૃત જ્ઞાન કરાવવા નું પ્રયોજન છે.
૩) કુદેવ, કુગુરુ, કુધર્મ ને વિષે દેવ, ગુરુ, ધર્મ ની બુદ્ધિ હોવી તે અવ્યક્ત મિથ્યાત્વ છે.
૪) જંબુકુમારે બધાને સુંદર ધર્મોપદેશ આપી એમની સંયમ ભાવના વૃદ્ધિગત કરી.
૫) હે નાથ તમને પ્રણામ કરવાનો માત્ર અભિનય કરનારા પુરુષો એ મન ને ઇચ્છિત સ્થાન ને પામેલા છે.
૬) આજે પણ એમનું ઉદ્ધરેલું "દશવૈકાલિક સૂત્ર" જિનશાસન ના શણગાર રુપ છે.
૭) સાધુ ની સાધના પ્રત્યે કેવી ચિંતા હતી એમની પાસે.
૮) વ્યક્ત મિથ્યાત્વ ને સ્પર્શ્યો જ નથી તેને ગુણસ્થાનક નથી.
૯) અભવ્ય જીવો ને આશ્રયી ને મિથ્યાત્વ ની સ્થિતી સાદિ અનંત છે.
૧૦) પ્રભવે સારી એવી લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી.

**પ્રશ્ન-૭ નીચેના વાકય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧) ઘણા જ મનોમંથન ને અંતે એણે ગામ અને રાજમહલ નો ત્યાગ કર્યો.
૨) સાધુ ભગવંત આવે કે ન આવે પણ યથા યોગ્ય સમયે આહાર પાણી નો જોગ રાખે.
૩) સાસ્વાદન થી પડતાં પણ જીવ ને સમ્યક્ત્વ નો અંશ હોય છે.
૪) સિદ્ધાંત વિચાર એ જ્ઞાન છે અને તે મોક્ષ પ્રાપ્તિ નું સાધન છે.
૫) ભય કરનારા વન માં તે અગ્નિ તેમને ભય કરતો નથી.
૬) શ્રી શય્યંભવસૂરિ પૂર્વ માં થી શ્રુતસાર નું સંકલન કરનાર પ્રથમ જૈનાચાર્ય હતા.
૭) જહાંપનાહ ! દીપક અંધકાર ને ખાય છે.
૮) પરંપરા થી ચાલ્યા આવતા ધર્મ ને જ સાચું માનવું તે અભિગ્રહિક મિથ્યાત્વ છે.
૯) આત્મ વિકાસ ની ઇચ્છા રાખનાર પ્રત્યેક સાધક ને ગુણસ્થાનો નું જ્ઞાન અતિ આવશ્યક છે.
૧૦) સુધર્મા સ્વામી ને વંદના કરી સંયમ લેવા ની અભિલાષા વ્યક્ત કરી.

**પ્રશ્ન-૮ તમારી ભાષામાં સમજાવો.** ૧૫

૧) કેવા ઘરો નો ત્યાગ આહાર માટે નિકળેલો સાધુ કરે ? ૨) દંડક કોને કહેવાય ?
૩) દશવૈકાલિક સૂત્ર ની રચના કરવા પાછળ નું કારણ ? ૪) સાસ્વાદન ગુણસ્થાન.
૫) કયા પુરુષો હૃદય નાં ઇચ્છિત સ્થાન ને પામેલા છે ?

જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી
સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા
શાહ ગોવિન્દજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ, મોંઢા રોડ, ઔરંગાબાદ - ૪૩૧ ૦૦૧
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઈટ www.achalgach.com